# ભિલોડા તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર : મેહુલીયો મન મૂકીને વરસ્યો

## નદી, નાળા, વાઘા-કોતરોમાં વરસાદી પાણીના વહેણ વહેતા થયા : ખેડુતો અને પશુપાલકોમાં આનંદની લાગણી : વીજ પુરવઠો વારંવાર ખોરવાતા પ્રજાજનો હેરાન-પરેશાન

ભિલોડા,તા.૨૫ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર કરતાં ભિલોડા સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ખાડા-ખાબોચીયાઓમાં ભરાયા હતા જેના કારણે ઠેર-ઠેર કાદવ-કીચડ, ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું હતું. હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતા પ્રજાજનો, વાહનચાલકોને ભારે હાલાકીઓ ભોગવવી પડી હતી.ઠેર-ઠેર નદી, નાળા, વાઘા-કોતરોમાં વરસાદી પાણીના વહેણ વહેતા થયેલ હતા ત્યારે ખેડુતો-પશુપાલકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં આજ દિન સુધીનો અંદાજીત ૯ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના કારણે વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી હતી.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત મોડાસા, બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ, હિંમતનગર, ઈડર, વિજયનગર, ખેડબ્રહ્મા, પોશીના, વડાલી, પ્રાંતિજ, તલોદ, શામળાજી, સુનોખ, ચિઠોડા, દઢવાવ, ઝાંઝરી વિસ્તારમાં મેહુલીયો મન મુકીને ધીમી ધારે વરસ્યો હતો. મેઘરાજાએ ધમાકેદાર પધરામણી કરતાં વાવણીલાયક વરસાદના પગલે ખેડુતો, પશુપાલકો, પ્રજાજનો અને વેપારીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના પરબડા વિસ્તારમાં હાથમતી નદીના ડીપ (બ્રીજ)માં બાઈક ઉપર પસાર થઈ રહેલ પુરૂષ અને મહિલાને પાણીના પ્રવાહમાં ખેંચાતા બચાવાયા હોવાનું જાણવા મળેલ છે. સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના ગુલાબપુરા ગામના સીમવિસ્તારમાં વીજવાયરો તુટી પડતાં બે ભેંસોના કરૂણ મોત નિપજ્યા હતા. બે ભેંસોની અંદાજીત કિંમત રૂા.૭૦,૦૦૦/-હોવાનું પશુપાલક ધ્વારા જાણવા મળેલ છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે વીજ પુરવઠો વારંવાર ખોરવાતો હોવાનું લોકમુખે ચર્ચાય છે.

નારણપુર, નારસોલી સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રે સ્ટ્રીટ લાઈટો પણ બંધ રહેતા ગામડાના લોકો ભારે હાલાકીઓ ભોગવી રહ્યા છે. રાત્રે તો જાણે કે અંધારપટ જેવો માહોલ સર્જાય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. નારણપુર-નારસોલી ગામના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ વહીવટી તંત્રના અધિકારીઓ રાત્રીના સુમારે જ્યારે વીજપુરવઠો ખોરવાયો હોય ત્યારે ફોન પણ રીસીવ કરતા નથી ત્યારે પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાતા હોય છે. અસહ્ય કાળઝાળ ગરમી, બાફ અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે વરસાદી માહોલ સર્જાયો છે ત્યારે અવાર-નવાર લાઈટો બંધ થઈ જતાં પ્રજાજનોને ભારે હાલાકીઓ ભોગવવી પડતી હોય છે.

અસહ્ય કાળઝાળ ગરમીનું પ્રમાણ વધ્યા બાદ ઉકળાટ અને બાફનું પ્રમાણ વધતાં અબાલ-વૃધ્ધ-નાના-મોટા સૌ-કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે ઝરમર-ઝરમર ધીમી ધારે વરસાદ આવતા ભીની માટીની મહેંક પ્રસરી હતી.વિજળીના કડાકા, ભડાકા સાથે મેઘગર્જના બાદ અસહ્ય ગરમી અને ઉકળાટ અને બાફભર્યા વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ ઝરમર ઝરમર ધીમી ધારે મેહુલીયો મન મુકીને વરસતાં વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી હતી. અરવલ્લી જીલ્લાના ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ મીની પોલીસ ચોકી સામે પ્લાસ્ટીકની મોદ(તાડપત્રી)નું ધુમ વેચાણ થઈ રહ્યું છે પરંતુ મેહુલીયો મન મુકીને વરસતાં તાડપત્રીના ભાવમાં એકા-એક ધરખમ ભાવ વધારો થયેલ હોવાનું જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું.



# પ્રાંતિજ તાલુકામાં મેઘરાજાની પધરામણીથી ખુશાલી

## બપોર પછી હળવા ઝાપટાં સાથે શરૂ થયેલ વરસાદ : ઠેર ઠેર પાણી ભરાયાં : ચોમાસા પહેલા જયાં ત્યાં ખોદકામ કરતા લોકોની મુશ્કેલીઓ વધી : વાહનો ગટરલાઈનમાં ફસાયા


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા.૨૫ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં ખેડૂતો સહિત પંથકના લોકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે મેઘરાજાની સવારી આવી પહોંચતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે તો પંથકના લોકો ગરમીથી ત્રસ્ત થતાં વરસાદના કારણે ઠંડક પ્રસરી જતાં ગરમીથી પીછો છુટતા લોકોએ હાંશકારો અનુભવ્યો હતો. સાથે સાથે ગટરલાઈન ને લઈ વિવિધ વિસ્તારોમાં તથા સોસાયટીઓના રહીશો તોબા પોકારી ઉઠ્યા હતા.

પ્રાંતિજ શહેર તથા પંથકના લોકો જેની રાહ જોતા હતા એવા મેઘરાજાની સવારી આવી પહોંચતા ૨૪મી બપોર પછી ધીમી ગતિએ ઝાપટાં પડવાનું શરુ થતા ખેડૂતો સહિત લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો જયારે બીજી બાજુ કેટલીક સોસાયટીઓ અને વિસ્તારોમાં થોડા દિવસ પહેલા ગટર લાઈનના ખોદકામને લઈ પાણી અંદર જતા ઉંડા પોલા પડી ગયા હતા. જયારે કેટલીક જગાએ મોટી ગટરલાઈનમાં મોટા ભુવા પણ પડી ગયા હતા. ત્યારે પાણીને કારણે પોલા ના દેખાતાં નાના મોટા વાહનો ફસાવાના બનાવો ઠેર ઠેર બન્યા હતા. કોન્ટ્રાકટરની મનમાની મુજબ પાઈપ લાઈન ખોદકામ કરી દેતા કેટલીક જગ્યાએ માટી ના ઉઠાવતા હરીઓમપાર્ક સોસાયટી, ગોપીનાથ સોસાયટી, સ્વામિનારાયણ સોસાયટી વગેરે સોસાયટીના રહીશોની હાલત કફોડી બની છે.

# ખેડબ્રહ્મામાં ચાર કલાકમાં આઠ ઈંચ વરસાદ

ખેડબ્રહ્મા, તા. ૨૫ ખેડબ્રહ્મા તાલુકામાં બુધવાર રાત્રે ચાર કલાકમાં આઠ ઈંચ વરસાદ વરસતા ઠેરઠેર પાણી ભરાતા અનેક ખેતરોના પાળા તુટી જવાથી ખેતરોમાં મોટુ નુકસાન થવા પામ્યું છે. અનેક જગ્યાએ વાહન ચાલકો ફસાયા હતા.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા વરસાદના કારણે ખેડૂતમાં આનંદની લાગણી જોવા મળી રહી હતી. બુધવાર રાત્રે નવ વાગ્યાથી શરૂ થયેલા વરસાદે મોડી રાત્રી સુધી ચાલુ રહ્યો હતો જેના કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા.

રાત્રે વરસેલા વરસાદમાં ચાર કલાકમાં ૮ ઈંચ જેટલો વરસાદ વરસતા ખેડબ્રહ્મા અંબાજી પરના ખેતરમાં પાણી ભરાઈ જવાના કારણે બેટમાં ફેરવાઈ ગયા હતા અને અનેક ખેડૂતોના પાળા તુટી ગયા હતા. રાત્રે ખેડબ્રહ્મા બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નગરપાલિકા સંચાલીત અંબિકા શોપીંગ કોમ્પલેક્ષના ભોયરૂ પાણીથી છલોછલ ભરાઈ ગયું હતું. જયારે નગરપાલિકાના પ્રમુખ વિનોદભાઈ આર. પટેલના ઘરની આજુબાજુ પાણી ફરી વળ્યા હતા. પાણી ભરાવાના કારણે અંબાજી તરફનો વાહન વ્યવહાર બંધ કરવાનો વારો આવ્યો હતો. ખેડબ્રહ્માના વાસણ રોડ પર લાકડા ભરી જતી ટ્રક ખાડામાં ઉતરી પડી હતી. જયારે બગીચા વિસ્તારમાં ગેસ એજન્સીની ટ્રક ભુવામાં ઉતરી પડી હતી. ખેડબ્રહ્માથી નીચિધનાલ જતા રોડ પર વધુ પાણી આવી જતાં નાળુ ધોવાઈ ગયુ હતુ. મોડી રાત્રે વાસણા રોડ પરના મકાનોમાં પાણી ભરાઈ જતાં ખેડબ્રહ્મા નગરપાલિકા ચીફ ઓફિસર દિનેશ એલ. ભાટીયા, સેનેટરી ઈન્સ. નરેન્દ્રસિંહ અને સ્ટાફે દોડી આવી પાણીનો નિકાલ કરાવ્યો હતો. ખેડબ્રહ્મામાં ગત રાત્રીએ ૧૮૯ મી.મી. વરસાદ બાદ કુલ સીઝનનો વરસાદ ૩૬૭ મી.મી. નોંધાયો હતો.




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# અરવલ્લી જીલ્લામાં મૂશળધાર મેઘમહેર : માલપુરમાં ૮.૫ ઈંચ વરસાદ

મોડાસા, તા.૨૫ સમગ્ર ગુજરાત રાજયમાં ચોમાસુ છવાઈ ગયુ હતુ હાલમાં ડીપ્રેશન દાહોદ અને રતલામ વચ્ચે. છવાયેલુ છે અને તેની અસર હેઠળ ગુજરાતમાં કેટલાય સ્થળે ભારેથી અતિ ભારે વરસાદ પડયો છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જયારે ગઈકાલે વરસાદે અમરેલી અને રાજકોટ જીલ્લા માં તારાજી સર્જીને બન્ને જીલ્લામાં બારે મેઘ ખાંગા થયો હોય તેમ સાંબેલાધાર વરસાદ તુટી પડયો હતો. જયારે આ વરસાદની તારાજને લઈને ૧૦૦ જેટલા ગામોનો સર્પક તુટી ગયો છે ત્યારે આ વરસાદી પુરમાં તણાઈ જવાના લીધે ૫૦થી પણ વધુ લોકો મૃત્યુ પામ્યા છે.

ત્યારે સમગ્ર દિવસ દરમ્યાન અરવલ્લી જીલ્લામાં અસહય બાફ અને ઉકળાટ વચ્ચે વાદળછાયુ વાતાવરણ હતુ ત્યારે સાંજના સુમારે મેઘરાજા અરવલલી જીલ્લામાં મહેરબાન થયા હોય તેમ અરવલ્લી જીલ્લામાં મન મુકીને વરસ્યા હતા. સમગ્ર અરવલ્લી જીલ્લામાં બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ, ભીલોડા, ધનસુરામાં મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. વાવાઝોડા સાથે વરસાદ વરસવાનુ ચાલુ થતા કેટલીય જગ્યાએ ઝાડ પડી જવાના બનાવો બન્યા હતા. જયારે જીલ્લામાં કેટલાક ઠેકાણે વીજળીના થાંભલાઓ જમીન દોસ્ત થઈ ગયા હતા અને ખેતરો બેટમાં ફેરવાયા હતા. જયારે અરવલ્લી જીલ્લામાં સૌથી વધુ માલપુરમાં ૯ ઈંચ જેટલો વરસાદ માલપુરમાં ખાબકયો હતો. બાયડમાં ૪.૫ ઈંચ, મોડાસામાં ૪ ઈંચ, ભિલોડામાં ૭.૫ ઈંચ, ધનસુરામાં ૬ ઈંચ, મેઘરજમાં ૬.૫ ઈંચ વરસાદ નોધાયો હતો.


(તસવીર : જય અમીન, મોડાસા)

# ધનસુરામાં ૬ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર

ધનસુરા,તા. ૨૫ ધનસુરામાં ગઈકાલ બપોરથી એકધારો મુશળધાર ૬ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

હોવાના કારણે બસસ્ટેન્ડ વિસ્તાર સહીત અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

ધનસુરા નગરનું વરસાદી અને ગટરના પાણીનો નિકાલ જનતાનગર તરફ હોઈ જનતાનગરના રહીશોના મકાનોમાં વરસાદી પાણી ભરાતાં મુશ્કેલીમાં મુકાયા હતા. રાત્રે ૧ વાગ્યાના સુમારે સામાજીક કાર્યકર અતુલ બ્રહ્મભટ્ટને સ્થાનિક રહીશોએ ફોન કરતાં વરસતા વરસાદમાં આ લોકોના મદદના હેતુસર અને પાણીના યોગ્ય નિકાલ માટે ધનસુરા મામલતદાર કચેરીમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ નં. ૨૨૩૯૨૩૨ ઉપર આ અંગે ધ્યાન દોરવા ફોન કરતાં જવાબદાર ઉચ્ચ અધિકારીઓ હાજર ન હતા. ઓફિસમાં જેની જવાબદારી ન હતી એવા વ્યક્તિએ ફોન ઉપાડતા સાહેબને ફોન આપવા પૂછતા મામલતદાર કે કોઈ અધિકારી ન હોવાનું જણાવેલ. ૨૪ કલાક કંટ્રોલરૂમના આદેશ ક્યાં ગયા ? સરકાર પગલા ભરે તેમ જનતા ઈચ્છે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦